નવસારી જીલ્લા પોલીસ તરફથી કરવામાં આવેલ સારી કામગીરીની વિગત  સાફલ્યગાથા

તા. ૧૧/૧૨/૨૦૨૩ થી ૧૭/૧૨/૨૦૨૩

| કચેરી/ શાખા / | કરેલ સારી કામગીરી |
| --- | --- |

**સ્વચ્છતા અભિયાન- ૨૦૨૩ની ઉજવણીના ભાગરૂપે ચીખલી પોલીસ સ્ટેશન દ્વારા પ્રાંત કચેરીના કમ્પાઉન્ડમાં કુલ : ૯૦ મુદામાલના વાહનોની જાહેર હરાજી કરી નિકાલ કરી કાર્યસ્થળને સ્વસ્ચછ સુંદર બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ.**









**નવસારી ટાઉન પોલીસ સ્ટેશનમાં પાંચ વર્ષ અગાઉ કોલેજમાં અભ્યાસ કરતી યુવતિને લગ્ન કરવા માટે હેરાન પરેશાન કરી એસિડ એટેક બાબતે નોંધાયેલ ગુનામાં તપાસ કરનાર અધિકારીશ્રી વી.જે.જાડેજા, નાયબ પોલીસ અધિક્ષકશ્રી,નવસારીનાઓએ આરોપી વિરુધ્ધ સચોટ પુરાવા એકત્રિત કરી નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરી સરકારી વકીલશ્રી ભાવેશ ગુપ્તાનાઓએ એસીડ એટેક જેવા ગંભિર ગુનાને સંલગ્ન હાઇકોર્ટ/સુપ્રિમકોર્ટના ચુકાદા ટાંકી તથા વૈજ્ઞાનિક પુરાવા રજુ કરી સમાજમાં દાખલારૂપ સજા કરવા માંગણી કરતા આરોપી શાહ નવાઝ સઇદભાઇ ખલીફા ઉ.વ. ૨૯ ને કોર્ટે દોષીત ઠેરવી  આજીવન કેદની સજાનો હુકમ કરેલ છે.**







## નવસારીમાં પ્રેમિકા પર એસિડ એટેક કરનાર ખુડવેલ ગામના વિધર્મી પ્રેમીને આજીવન કેદ

નવસારી, શનિવાર

નવસારીમાં પાંચ વર્ષ અગાઉ આદિવાસી યુવતીને લગ્ન માટે હેરાન-પરેશાન કરી એસિડ હુમલો કરનાર વિધર્મી પ્રેમી યુવાનને સેશન્સ કોર્ટે ગુનામાં તકસીરવાર ઠેરવી આજીવન કેદની સજા ફટકારી સમાજમાં દાખલો બેસાડ્યો છે.

ચીખલી તાલુકાના ખુડવેલ ગામે ખલીફા ફળિયામાં રહેતા અને નવસારીની એસ.એસ.અગ્રવાલ કોલેજમાં એમબીએનો અભ્યાસ કરતો શાહનવાઝ સઈદભાઈ ખલીફા (ઉ.વ.૨૯)ને સાથે અભ્યાસ કરતી તેના જ ગામના નજીકની આદિવાસી યુવતી સાથે અપ-ડાઉન દરમિયાન આંખો મળી જતા પ્રેમસંબંધ બંધાયો હતો. યુવતી શાહનવાઝ સાથે હરવા-ફરવા જતી હતી. જેની જાણ તેના ઘરે થતા યુવતીના પરિવારે વિરોધ કર્યો હતો. દરમિયાન શાહનવાઝની બેનનું ખૂન થયું હતું. જેથી તેની પ્રેમિકા યુવતી ડરી ગઈ હતી અને તેણે પ્રેમસંબંધ કાપી નાંખ્યા હતા. આથી રોષે ભરાયેલા શાહનવાઝે પ્રથમ તેને મનાવવા માટે પ્રયાસ કર્યા હતા. ત્યાર બાદ યુવતીએ દાદ નહીં આપતા તેની ફેક આઈ.ડી. બનાવી અંગત પળોના ફોટા અપલોડ કરી તેને સમાજમાં બદનામ કરી નાંખવાની ધમકી આપી હતી અને જો પોતાની સાથે લગ્ન નહીં કરશે તો યુવતીના માતા-પિતાને જાનથી મારી નાંખવાની ધમકી પણ આપી હતી. પરંતુ કોઈ જ કારી કામમાં નહીં આવતા શાહનવાઝે એક ખતરનાક નિર્ણય લીધો હતો અને તા.૧૬-૧-૨૦૧૭ના રોજ તેનો અમલ કર્યો હતો.

જેમાં યુવતી તેના ગામથી ધરમપુરથી સુરત જતી બસમાં બેસીને કોલેજ જવા માટે નવસારી ઉતરી હતી. સવારે ૮.૪૫ વાગ્યાના સમયે નવસારી બસ ડેપોની બહાર રિક્ષામાં કોલેજ જવા નીકળેલી યુવતી પાસે અચાનક તેનો પ્રેમી શાહનવાઝ આવ્યો હતો અને તે કંઈ સમજે, બોલે તે પહેલા પ્લાસ્ટીકની થેલીમાંથી એસિડની બાટલી કાઢીને યુવતી ઉપર નાંખીને ફરાર થઈ ગયો હતો. યુવતીનો ડાબી બાજુનો ચહેરો, છાતી, પેટ પર એસિડથી બળતરા થવા લાગતા તુરંત નવસારી પારસી હોસ્પિટલમાં લઈ જવાઈ હતી. જ્યાં તેની સારવાર શરૂ કરીને ડોક્ટરે નવસારી ટાઉન પોલીસને જાણ કરી હતી. પોલીસે યુવતીની ફરિયાદ નોંધી આરોપી વિરુદ્ધ એટ્રોસિટી એક્ટ/ એસિડ એટેકનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. જે અંગેનો કેસ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ ભાવેશ ગુપ્તાએ એસિડ એટેક જેવા ગંભીર ગુનામાં ના.હાઈકોર્ટ/સુપ્રિમ કોર્ટે આપેલા ચુકાદા ટાંકી મૌખિક/લેખિત અને વૈજ્ઞાનિક પુરાવા રજૂ કરી સમાજમાં દાખલારૂપ સજા કરવા માંગણી કરી હતી. જેમાં એડિશનલ થર્ડ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ પી.ટી. રામે શાહનવાઝ ખલીફાને ગુનામાં તકસીરવાર ઠેરવી આજીવન કેદની સજા ફટકારી હતી.

**પ્રેમીની બહેનની હત્યા થતા ગભરાયેલી પ્રેમિકાએ સંબંધ કાપી નાંખ્યા હતા**

**સમજાવવા છતાં પ્રેમિકા નહીં માનતા પાંચ વર્ષ પહેલા એસિડ ફેંક્યું હતુ**

ગેર કાયદેસર એક્ષપ્લોઝીક ઝીલેટીન સ્ટીક તથા ઇલેકટ્રીક ડીટોનેટરનો જથ્થો ઝડપી પાડતી નવસારી એસ.ઓ.જી ટીમ. (૧) એક્ષપ્લોઝીક ઝીલેટીન સ્ટીક નંગ – ૧૭૫ કિમંત રૂપિયા ૨૬૨૫૦/- (૨) ઇલેકટ્રીક ડીટોનેટર નંગ – ૧૧૩ કિમંત રૂપિયા ૨૮,૫૧૦/- નો મુદામાલ કબજે કરેલ છે.




કાયદો અને વ્યવસ્થા જાળવી રાખીને શાંતિ, સલામતી અને સુરક્ષાને ધ્યાને લઇ જીલ્લાના વિવિધ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં પોલીસ અને પેરામિલીટરી ફોર્સ સાથે ફલેગ માર્ચનુ આયોજન કરવામાં આવેલ.









ભારતીય બનાવટનો વિદેશી દારૂ કિમંતર રૂપિયા ૩૨,૭૫૦/- નો પ્રોહીબીશન મુદામાલ સાથે બે આરોપીને પકડી પાડતી ગણદેવી પોલીસની ટીમ



રૂપિયા ૫,૩૩,૨૦૦/-નો પ્રોહી મુદામાલ સાથે એક આરોપીને  પકડી પાડી પ્રોહીબીશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી ખેરગામ પોલીસ ટીમ



**સ્વચ્છતા અભિયાન- ૨૦૨૩ના ભાગરૂપે પ્રોહીબીશનના ગુનાઓમાં કબજે કરેલ** ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો નંગ - ૧૩,૧૭૪ કિમંત રૂપિયા ૧૫,૭૮,૯૯૫/-નો મુદ્દામાલ નાશ કરતી નવસારી જીલ્લા પોલીસ".





સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત વાંસદા પોલીસ સ્ટેશન, મહિલા સુરક્ષા સમિતિના બહેનો, SPCના બાળકો દ્વારા ચાઇનીઝ માઝા, પ્લાસ્ટિકની દોરીથી થતું નુકશાન અટકાવવા જન જાગૃતિ રેલીનુ આયોજન કરેલ






નવસારી સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત ખેરગામ પોલીસ સ્ટેશન,  ખેરગામ મહિલા સુરક્ષા સમિતિ બહેનો, SPCના બાળકો, આંગણવાડી બહેનો દ્વારા ચાઇનીઝ માઝા,પ્લાસ્ટિકની દોરીથી થતું નુકશાન તથા ઘાતક પરિણામ બાબતે ખેરગામ પોસ્ટે વિસ્તારમાં  જન જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવેલ.



સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત ગણદેવી પોલીસ સ્ટેશન, મહિલા સુરક્ષા સમિતિના બહેનો, SPCના બાળકો દ્વારા ચાઇનીઝ માઝા, પ્લાસ્ટિકની દોરીથી થતું નુકશાન અટકાવવા જન જાગૃતિ રેલીનુ આયોજન કરવામાં આવ્યુ.



માનસિક રીતે દિવ્યાંગ મહિલાના જરૂરી સરકારી ઓળખ દસ્તાવેજો બનાવડાવી આપી બેન્કમાં હાજર રહી જરુરી કાર્યવાહી કરી વર્ષો અગાઉથી તેના બેન્ક એકાઉન્ટમાં જમા રકમ વ્યાજ સહિત પરત તેણીના પરિવારને સોપવામાં માનવીય અભિગમ સાથે મદદરૂપ થતી વાંસદા પોલીસ અધિકારી અને ‘‘સી‘ ટીમ





**સ્વચ્છતા અભિયાન- ૨૦૨૩ની ઉજવણીના ભાગરૂપે ખેરગામ પોલીસ સ્ટેશનમાં સાફસફાઇ બિન વપરાશી સામાન - રદબાતલ વાહ્નો મુદામાલ નિકાલ ઝુંબેશ કરી કાર્યસ્થળને સ્વસ્ચછ –સુંદર બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ.**





નવસારી જીલ્લા પોલીસ સુરક્ષા સેતુ સોસાયટી અને લાયન્સ બ્લડ બેંક , ચીખલી દ્વારા આયોજીત ‘‘બ્લડ ડોનેશન કેમ્પ‘‘ માં ચીખલી પોલીસ અધિકારી- કર્મચારીઓએ રકતદાન કરી સુરક્ષા સાથે બ્લડની અછતને પહોચી વળવા યોગદાન આપેલ.





સુરેન્દ્રનગર વિસ્તારમાં પરિવારને ધાક-ધમકી આપી અમદાવાદ વિસ્તારમાંથી અપહરણ કરવામાં આવેલ સીનીયર સીટઝનને ટેકનીકલ ઇનપુટ આધારે ત્વરીત કાર્યવાહી કરી વાંસદા–વઘઇ રોડ ઉપરથી ઇકો સ્પોર્ટ કારને આંતરી અપહરણકારોના ચુંગાલમાંથી છોડાવી કુલ–૪ રીઢા આરોપીઓને કાર સહિત ઝડપી પાડતી નવસારી વાંસદા પોલીસની ટીમ.



નવસારી ગ્રામ્ય પોલીસ સ્ટેશન, ઇંડીયન રેડક્રોસ સોસાયટી, રોટરી આઇ ઇન્સ્ટિટયુટ માલીબા નેત્રસંકુલ, તથા નવસારી GIDCના સંયુકત ઉપક્રમે GIDC ભવનમાં મહા રકતદાન શિબિર, વિનામુલ્યે નેત્રયત્ર કેમ્પનુ આયોજન કરી રકતની બોટલો:૧૩૨, મોતિયાના ઓપરેશન: ૨૮, નેત્રચેકઅપ: ૫૩૦ કરાવી નવસારી રૂરલ પોલીસ અધિકારી-કર્મચારીઓએ રકતદાન કરી સુરક્ષા સાથે બ્લડની અછતને પહોચી વળવા યોગદાન આપેલ.






સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત મરીન પોલીસ સ્ટેશન તથા મહિલા સુરક્ષા સમિતિના બહેનો દ્વારા ચાઇનીઝ માઝા,પ્લાસ્ટિકની દોરીથી થતું નુકશાન અટકાવવા મરીન પોસ્ટે વિસ્તારમાં જન જાગૃતિ રેલીનું આયોજન ગામ આગેવાનો , સ્કૂલના બાળકો, મહિલા સુરક્ષા સમિતિની બહેનો તથા આંગણવાડીની બહેનો દ્વારા લોકોને ચાઇનીઝ દોરીના ઉપયોગ થી થતા ઘાતક પરિણામ બાબતે જરૂરી સમજ આપી જાગૃત કરેલ








